| | |
|---|---|
| રજીસ્ટર્ડ તારીખ: | ૧૧–૦૬–૨૦૧૭ |
| જજમેન્ટ તારીખ: | ૦૪–૦૨–૨૦૧૯ |
| સમયગાળો: | વર્ષ માસ દિવસ |
| | ૦૧ ૦૭ ૨૩ |

**IN THE 2nd ADDITIONAL CIVIL & J . M. F. C. COURT AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 98 OF 2018.**

**Plaintiff :**

શનાભાઈ ફુલજીભાઈ છીતાના ના વારસદાર..

1. સંજયકુમાર શનાભાઈ પરમાર,
   હાલ રહે. તવરા, તા. જી. ભરુચ.
   મુળ રહે. માલપુર, તા. જંબુસર, જી. ભરુચ.

2. વર્ષાબેન શનાભાઈ પરમાર,
   રહે. માલપુર, તા.જંબુસર, જી. ભરુચ.

**VERSUS**

**Defendant :**

1. રઈજીભાઈ કોયજીભાઈ પરમાર,
   રહે. માલપુર, તા. જંબુસર, જી. ભરુચ.

દાવો રૂ. ૨૦૦૦/–ના આંકથી આદેશાત્મક તથા જાથુનો મનાઈહુકમ મેળવવા માટેનો..

Appearance:
L. A. MR. M. I. DOLA For Plaintiffs.
L. A. MR. G. S. PATEL For Defendant

---

## : આંક–૫ નીચે હુકમ :

(૧) આ કામના વાદીઓની આંક–૫ની અરજીની હકીકત ટૂંકમાં એવી છે કે, મોજે માલપુર, તા. જંબુસર, જી. ભરુચની વસ્તી મધ્યે અનુક્રમ નં. ૨૮૬, આકારણી નં. ૨૮૬, માલિકનું નામ શનાભાઈ ફુલજીભાઈ છીતથા સ્ટ્રીટનું નામ મોટું આગણું વાળી મિલકતની લંબાનસ ૨૫ ફુટ અને પહોળાઈ પશ્ચિમ દિશાએ ૧૦ ફુટ જેટલી છોડીને બીજી ૧૭ ફુટ એંગલથી આવેલ છે.

| | | |
|---|---|---|
| ઉગમણે | : | રસ્તો છોડી અન્ય ઈસમોના મકાનો આવેલ છે. |
| આથમણે | : | વાદીના જવા–આવવાનો રસ્તો આવેલ છે. |
| ઉત્તરે | : | રઈજી કોયજી (પ્રતિવાદી)નું મકાન આવેલ છે. |
| દક્ષિણે | : | ધિરમ ગોરધનનું મકાન આવેલ છે. |

ઉપર પેરા–૧માં જણાવેલી મિલ્કતના મુળ માલીક અને કબજેદાર વાદીના પિતાશ્રી શનાભાઈ ફુલજીભાઈઈ છીતાનાઓ હતા અને ગ્રામ પંચાયત આકારણી પત્રકમાં પણ સદર મકાન વાદીના પિતાના નામે ચાલે છે, મિલકતના તમામ પ્રકારના વેરાઓ પણ વાદીઓ ભરે છે, વાદીઓના પિતાશ્રી ગુજરી ગયેલા છે અને માતૃશ્રી પણ ગુજરી ગયેલા છે, જેથી બન્ને વાદીઓ મિલકતના વારસદાર છે, વાદી ધંધાર્થે તવરા, તા. જી. ભરુચ મુકામે રહેતા હોય, દાવાવાળી મિલ્કતમાં વાદીના ઘરનો સામાન તથા તાંબા પિત્તળના વારસો આવેલા હતા, વાદી બહાર રહેતા હોય તેનો લાભ લઈ પ્રતિવાદીએ વાદીઓની મિલકત તોડી પાડી સાગની બારસાખ તથા લોખંડના પતરા વગે ક રી દીધેલા તથા ઘરનો સરસામાન વગે કરી લીધેલ છે, આ બાબતે વાદીઓએ કાવી પોલીસ સ્ટેશનમાં પ્રતિવાદી તથા તેઓના બીજા મળતીયા વિરુઘ્ઘ ફરિયાદ આપેલી છે, પ્રતિવાદીને કહેવા જતાં થાય તે કરી લેવાની ધમકી આપેલી અને જણાવેલ કે, મિલકતમાં તમારે કઈ લેવાદેવા નથી, તેવું જણાવી પ્રતિવાદી હાલમાં હાલમાં વાદીની માલિકીની જગ્યામાં રેતી, સીમેન્ટ, ઈંટો નાંખી પાકું બાંધકામ કરવાની તૈયારીમાં હોય અને ઘરાડા ખોદી બાંધકામ કરતા હોય, જેથી તલાટી કમ મંત્રીને અરજી આપેલી, તેમછતા પ્રતિવાદીએ બાંધકામ કરવાનું ચાલું રાખેલ.જેથી પ્ર તિવાદીનું કૃત્ય ગેરકાયદેસર હોય પ્રતિવાદી તેઓની બુરી નેમમાં ફાવી જાય તો વાદીઓને એવું અનિવાર્ય નુકશાન થવા સંભવ છે, જેનો બદલો નાણામાં મળી શકે નહીં, વાદીનો પ્રાઈમાફેસી કેસ છે, બેલેન્સઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે તથા જો માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીના હકક અધિકારને નુકશાન પહોંચે તેમ છે, જેથી વાદીઓએ દાવો ચાલતાં દરમ્યાન મનાઈહુકમ મેળવવા હાલની અરજી આપી એવી દાદ માંગેલ છે કે,

(અ) અરજીના પેરા–રમાં જણાવેલ મિલકત પ્રતિવાદી જાતે તેના માણસો, એજન્ટો, ચાકરો મારફતે અમારી માલિકીની મિલકતમાં કોઈ બાંધકામ કરે–કરાવે નહિ કે અમારી

મિલકતમાં પ્રવેશ કરે–કરાવે નહિ કે અમોને અમારી મિલકતમાં પ્રવેશ કરતા તથા અમો બાંધકામ કરીએ તેમાં અટકાયત કરે–કરાવે નહિ તેવો દરમ્યાન મનાઈહુકમ ફરમાવશોજી.

(બ) સદર અરજીનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશોજી.

(ક) નામ. કોર્ટને યોગ્ય લાગે તેવી દાદ અપાવશોજી.

(૨) સદર કામે પ્રતિવાદીને નોટીસ બજતાં, પ્રતિવાદીએ હાજર જઈ વાદીઓની દરમ્યાન મનાઈ અરજી વિરુધ્ધ પોતાનો લેખીત જવાબ આંક–૧૪થી રજુ કરી જણાવેલ છે કે, વાદીઓ તેમની દરમ્યાન મનાઈઅરજીના પેરા–૨માં જણાવેલ હકીકતો સાબિત ન કરે ત્યાં સુધી દરમ્યાન મનાઈઅરજી રદ થવાને પાત્ર છે, વાદીની દરમ્યાન મનાઈઅરજીના પેરા–૩, ૪, ૫ની હકીકતો તેઓને કબુલ મંજુર નથી, પેરા–૬ મુજબનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી, પેરા–૮ કરી જે દાદ માંગેલી છે તેવી કોઈ દાદ વાદીઓ મેળવવા હકકદાર નથી. વધુમાં સાચી અને ખરી હકીકતો જણાવતાં પ્રતિવાદી જણાવે છે કે, દાવાવાળી મિલકત વાદીઓના પિતા શનાભાઈ ફુલજીભાઈ છીતાભાઈ પરમારના નામે ચાલે છે, વાદીઓના પિતા શના ભાઈ ફુલજીભાઈ પરમારે પ્રતિવાદીને તા.૧૭–૧–૦૯ના રોજ રૂા.૩૫,૦૦૦/–માં વેચાણ આપવાનું નકકી કરી તે બાબતનો સ્ટેમ્પ પેપર ઉપર વેચાણનો કરાર શાખો રુબરુ કરી લખી આપેલો અને પ્રતિવાદીને તા.૧૭–૧–૦૯ના રોજ દાવાવાળા મકાનનો કબજો પણ સોંપી દીધેલો અને તે બાબતની કબજા રસીદ પણ રેવન્યુ ટિકિટ ઉપર સહી કરીને લખી આપેલ છે અને આમ પ્ર તિવાદીનો તા. ૧૭–૧–૦૯થી માલિકી કબજો ભોગવટો આવેલો છે, સદર મિલકત ઘણી જુની હોઈ, પ્ર તિવાદીએ નવું બાંધકામ ચાલું કરેલ છે, વાદીઓનો કબજો ભોગવટો સદર દાવાવાળી મિલકતમાં આવેલ નથી, પ્રોપર્ટી કાર્ડમાં વાદીઓના પિતાનું નામ ચાલતું હોવાથી વાદીઓએ હાલનો ખોટો દાવો કરેલ છે, પ્ર તિવાદી નવું બાંધકામ કરવા રેતી, ઈંટો તથા જરુરી માલસામાન લાવેલા છે, જો વાદીઓ તેના બદઈરાદામાં ફાવી જાય તો પ્રતિવાદીને એવું અનિવાર્ય નુકશાન થવાને સંભવ છે કે જેનો બદલો નાણામાં વળી શકે તેમ નથી. સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદીએ વાદીઓની દરમ્યાન મનાઈઅરજી રદ કરવા તથા પોતાને કોમ્પેન્સેટરી કોષ્ટ રૂા ૩૫૦૦/– અપાવવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે વાદીઓ તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ

કરવામાં આવેલ છે.

(૧) નિ. ૩/૧થી મોજે માલપુરની વસ્તી મધ્યે આવેલ મિલકત નં. ૨૮૬ની આકારણીપત્રકની ઝેરોક્ષ નકલ,

(૨) નિ. ૩/૨થી  વેરા ભર્યાની પહોંચની ઝેરોક્ષ નકલ,

(૩) નિ. ૩/૩થી મોજે માલપુરના તલાટી કમ મંત્રીને આપેલ અરજીની ઝેરોક્ષ નકલ,

(૪) નિ. ૩/૪થી પોલીસ સ્ટેશનમાં આપેલ ફરિયાદની ઝેરોક્ષ નકલ,

(૫) નિ. ૩/૫થી નકશાની ઝેરોક્ષ નકલ,

(૬) નિ. ૨૦/૧થી વેરા અંગેની પહોંચ,

(૭) નિ. ૨૦/૨થી આકારણીપત્રકની નકલ,

(૮) નિ. ૨૦/૩થી ઘરવેરા અંગેની પહોંચ.

(૪) આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના  દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૧) નિ. ૨૨/૧થી મકાન નં. ૨૮૬ના આકારણીપત્રકનો પંચકયાસ,

(૨) નિ. ૨૨/૨થી વાદીઓના માતૃશ્રીના મરણના દાખાની ઝેરોક્ષ,

(૫) વાદી તરફથી તેમના વિ.વ.શ્રી એમ. આઈ. દોલા તથા પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી જી.એસ.પટેલની મૌખિક દલીલો સાંભળી ધ્યાનમાં લેવામાં આવેલ છે.

(૬) **પક્ષકરોનાં  ઉપરોકત પક્ષ નિવેદનો તથા દલિલોના**  સાથે નામ. સર્વોચ્ચ અદાલતના Maria Margadia Sequeria .vs Erasmo Jack De Sequeria (D)...on 21 March, 2012 'REPORTABLE' IN THE SUPREME COURT OF INDIA CIVIL APPEAL NO. 2968 OF 2012 આધારે મારા નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ

**:કારણોઃ**

**<u>મુદ્દા નં.૧ :</u>**

(૮) આ કામે વાદીઓએ આદેશાત્મક તથા કાયમી જાથુનો મનાઈહુકમ મેળવવા માટે હાલનો દાવો લઈને આવેલા છે. વાદીઓની મુખ્યત્વે તકરાર એવી છે કે, મોજે ગામ માલપુર, તા. જંબુસરમાં આવેલ આકારણી નંબરની મિલકતના માલિક તેમના પિતા શનાભાઈ ફુલજીભાઈ હતા તથા જમીનો પંચાયત આકારણી પત્રકમાં તેમના પિતાની નામે અત્યારે પણ ચાલે છે, હાલમાં તેના વેરા પણ વાદીઓ ભરે છે અને તેમના પિતાશ્રીએ માતૃશ્રી મરણ ગયેલા હોય જેની બન્ને વાદીઓ એ મિલકતના વારસદાર છે. આ સબંધમાં વાદીઓએ આંક–૩ના દસ્તાવેજી લીસ્ટથી નિ. ૩/૧થી મિ. પ્રો. નં. ૨૮૬ ( જેને આગળ તકરારી મિલકતથી જણાવવામાં આવેલ છે) ની આકારણી પત્રકની નકલ રજુ કરેલ છે, જેમા માલિકના કોલમમાં શનાભાઈ ફુલજીભાઈ એટલે કે વાદીઓના પિતાનું નામ જણાવેલ છે. નિ. ૩/૨થી તકરારી મિલકતના વેરા ચુકવણી માટેની પહોંચ રજુ કરવામાં આવેલ છે.આ બન્ને દસ્તાવેજો વર્ષ

૨૦૧૮–૧૯ના દસ્તાવેજો છે, જેમાં વાદીઓના પિતાનું નામ જણાઈ આવે છે. ત્યારબાદ વાદીઓએ વધુમાં દાવા અરજીમાં જણાવેલ છે કે, તેઓ ધંધાર્થે તવરા, તા. ભરુચ મુકામે રહેતાં હોય અને તેમનો સામાન પણ તકરારી મકાનમાં રાખવામાં આવેલ હતો, પરંતુ પ્રતિવાદીઓએ તેમની ગેરહાજરીનો લાભ લઈ તેમની મિલકત તોડી પાડેલી અને ઘરનો સામાન વગે કરી દીધેલો, જે સબંધમાં વાદીએ કાવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવેલી. આ ફરિયાદની ઝેરોક્ષ નકલ આં કામે નિ. ૩/૪થી રજુ કરવામાં આવેલ છે. આ સિવાય વાદીઓએ આ દાવા અરજીમાં જણાવેલ છે કે, પ્રતિવાદી તેમની ગેરહાજરીનો લાભ લઈ તેમની મિલકતને તોડીને બાંધકામ કરવાની તૈયારી કરેલ છે, જેના સબંધમાં તલાટી કમ મંત્રીશ્રીને અરજી પણ આપેલી. પ્રતિવાદીઓ દાવાવાળી મિલકતમાં ખોદકામ કરતા હોય તે સબંધમાં વાદી તરફથી કમિશ્નરશ્રી દ વારા કરવામાં આવેલ નકશો, પંચનામું આ કામે આંક–૧૯થી રજુ કરવામાં આવેલ છે, તે નકશા–પંચનામા મુજબ તકરારી જગ્યા ઉપર બાંધકામ ચાલું હોવાનું જણાઈ આવેલ છે અને જે અરજી તલાટીશ્રીને આપવામાં આવેલ છે તેની કોપી નિ. ૩/૩થી આ કામે રજુ કરવામાં આવેલી છે. આમ વાદીઓએ દસ્તાવેજી પુરાવા અને આકારણી પત્રકની નકલથી તેમનો પ્રથમ દર્શનીય કેસ છે, તેવું જણાવેલ છે અને હાલમાં મિલકતના રેકર્ડમાં પણ તેમના પિતાનું નામ ચાલે છે. જેથી રેકર્ડના આધારે તેમની પક્ષમાં જયાં સુધી વિપરીત સાબિત ના થ ાય ત્યાં સુધી ઉપધારણ ઉત્પન્ન થાય છે કે વાદીઓ એ જ તકરારી મિલકતના માલિક છે.

આ કામે પ્રતિવાદી એ આધારે પોતાનો કેસ લઈને આવેલ છે કે, વાદીઓના પિતાએ સદરહું તકરારી મિલકત તા. ૧૭–૧–૨૦૦૯ના રોજ રૂા. ૩૫,૦૦૦/– માં રૂા. ૧૦૦/–ના સ્ટામ્પ ઉપર વેચાણ કરાર લખીને વેચાણ આપેલ છે અને કબજો પણ પ્રતિવાદીને સોંપેલ છે અને તેની કબજા રસીદ પણ વાદીઓના પિતાએ પ્રતિવાદીના પક્ષમાં લખેલ છે, જેની તા. ૧૭–૧–૨૦૦૯થી માલિકી કબજો ભોગવટો પ્રતિવાદીનો ચાલી આવેલો છે. હાલમાં દાવાવાળી મિકત ઘણી જૂની હોય તથા પડી જાય તેવી હોય જેથી પ્રતિવાદી મિલકત ઉતારીને તેટલી જ જગ્યામાં નવું બાંધકામ ચાલું કરેલ છે. પ્ર તિવાદીઓએ પોતાની વિગતની સબંધમાં આંક–૧૧ના દસ્તાવેજી લીસ્ટની નિ. ૧૧/૧થી તકરારી મિલકતના સબંધમાં થયેલ વેચાણ કરાર અને નિ. ૧૧/૨થી કબજા રસીદ રજુ કરેલ છે તથા આ તકરારી મિલકત ઘણી જુની હોય તે સબંધમાં નિ. ૨૨/૧થી ગામ પંચાયત, માલપુર તરફથી કરવામાં આવેલ

પંચકયાસ રજુ કરેલ છે.

પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજોને પ્રથમ દૃષ્ટિએ જોવામાં આવેલ છે, જે વેચાણ કરાર રજુ કરવામાં આવેલ છે, તે વેચાણ કરાર અનરજીસ્ટર્ડ અને અપસ્ટામ્પ દસ્તાવેજ છે તથા આ દસ્તાવેજ સને ૨૦૦૯ની સાલમાં કરવામાં આવેલ છે તો આજ દિન સુધી પ્રતિવાદીએ કરારના વિશિષ્ટ પાલનનો દાવો કેમ કરેલનથી, તે સબંધમાં કોઈ કારણ જણાવવામાં આવેલ નથી. વધુમાં સને ૨૦૦૯થી સદરહું તકરારી મિલકત પ્રતિવાદીના કબજા–ભોગવટામાં છે, તે બતાવતો કોઈપણ આધાર–પુરાવો હાલના તકકે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં જે દસ્તાવેજ આધારે પ્ર તિવાદીએ પોતાનો માલિકી હકક દાવાવાળી મિલ્કત ઉપર જણાવેલ છે, તે દસ્તાવેજ માત્ર કરાર હોય, જેથી કરારના આધારે કોઈ માલિકી હકક ઉત્પન્ન થઈ શકે તેમ નથી. વધુમાં  જો પ્રતિવાદી ચોખ્ખા હાથે કોર્ટમાં આવેલા હોય તો આજદિન સુધી કોઈ દાવાવાળી મિલકતનો વેરો ભરેલો હોય, કોઈ લાઈટબીલ કે પાણી બીલ ભરેલો હોય, કે દાવાાવળી મિલકત પોતાના નામે કરાવવા માટે કોઈપણ જગ્યાએ કોઈપણ અરજી કરેલી હોય કે કરારના વિશિષ્ટ પાલનનો દાવો વાદીઓ કે તેમના પિતા સામે કરેલો હોય, તે કોઈ પુરાવો આ કામે પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી. હાલના દાવામાં પણ પ્રતિવાદીએ પોતાના કબજાના રક્ષણ માટે કે તેઓ એ દાવાવાળી મિલકતના માલિક છે, તે જાહેરાત અંગેનો કે કરારના વિશિષ્ટ પાલનની કોઈ દાદ જવાબ દાવાની સાથે માંગણી કરેલ નથી અને જે દસ્તાવેજો આધારે પ્રતિવાદી પોતાની પ્રતિરક્ષા લઈનેઆવેલ છે, તે દસ્તાવેજથી તેમના હકકમાં કોઈ માલિકી હકક ઉત્પન્ન થતાં નથી અને પ્રતિવાદીએ જે બાંધકામ શરૂં કરેલ છે તેની કોઈ પરવાનગી ગામ પંચાયતમાંથી લીધેલી હોય આવો કોઈ પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં પ્રતિવાદી તરફે નિ. ૨૨/૧થી જે પંચકયાસ કરવામાં આવેલ છે, તે પંચકયાસ કોની અરજી ઉપર કરવામાં આવેલ છે, તે આ દસ્તાવેજથી સાબિત થતું નથી અને આ દસ્તાવેજ તા. ૧૬–૧–૦૯નો છે, જેના ઉપર પંચાયતના કોઈ ડીસ્પેચ કે બીજો કોઈ નંબર જણાઈ આવતો નથી, જેથી તથા વધુમાં આ દસ્તાવેજાં પણ વાદીઓના પિતાનું નામ જણાઈ આવે છે. જેથી પણ આ દસ્તાવેજ પ્રતિવાદીને કોઈ સમર્થન કરતા નથી અને આ વધુમાં પુરાવાનો વિષય જણાઈ આવતો હોય આ દસ્તાવેજના આધારે પ્રતિવાદીને હાલના તબકકે કોઈ લાભ મળી શકે તેમ નથી. જેથી વાદીઓનો દાવો હાલના તબકકે પ્રથમ દર્શનીય જણાઈ આવતો હોય, મુદ્દા નં.૧નો જવાબ હકારાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ર અને ૩</u>** : –

(૯) વધુમાં આ કામે વાદીઓ તરફથી જે દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે, તે દસ્તાવેજ નિ. ૩/૧ અને ર૦/રના આધારે રજુ થયેલ આકારણી યાદીના દસ્તાવેજોમાં માલિકના નામના કોલમમાં શનાભાઈ ફુલજીભાઈ છીતાનું નામ જણાવેલ છે. વળી મુદ્દા નં. ૧માં કરેલ ચર્ચા મુજબ વાદીઓનો કેસ પ્રથમ દર્શનીય માનવામાં આવેલો છે અને પ્રતિવાદી જે કેસ લઈને આવેલા છે, જે વધુ પુરાવાનો વિષય જણાઈ આવે છે, અને હાલના તબકકે વાદીઓ તરફથી હાલની આંક–પની અરજીમાં પ્રતિવાદી એ તેમની મિલકતમાં બાંધકામ કરે–કરાવે નહિ, તેવી દાદ માંગવામાં આવેલી છે, અને હાલમાં જો વાદીને આ દાદ આપવામાં ના આવે અને કોઈપણ જાતનો મનાઈહુકમ આપવામાં ના આવે તો વાદીઓના દિવાની હકકોને ખુબ જ નુકશાન થાય અને અગવડતા પણ તેમને પડે, જયારે હાલના તબકકે પ્રતિવાદીઓ તેમના કોઈ દિવાની હકકો તકરારી જમીન ઉપર અસ્તિત્વમાં હોવાનું જણાવી શકેલ નથી, જેથી પ્રતિવાદીના દિવાની હકકોને કોઈ નુકશાન કે અગવડતા થાય તેમ નથી. આથી મુદ્દા નં. ર અને ૩નો જવાબ પણ હકારમાં આપવો ન્યાયોચીત માનું છું. જેથી મુદ્દા નં. ૧ થી ૩નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

(૧) આથી રેગ્યુલર દિવાની મુકદમા નં. ૯૮/ર૦૧૮, શનાભાઈ ફુલજીભાઈ છીતાના વારસદાસ વિરુઘ્ધ રઈજીભાઈ કોયજીભાઈ પરમારના કામે આંક–પની આ અરજી આથી આંશિક મંજુર કરવામાં આવે છે.

(ર) આથી પ્રતિવાદીને કામચલાઉ મનાઈહુકમથી મનાઈ આપવામાં આવે છે કે, તેઓએ દાવા અરજી અને હાલની અરજીમાં જણાવેલ તકરારી મિલકત આકારણી નં.ર૮૬ મોજે ગામ માલપુર, તા. જંબુસર, જી. ભરુચમાં કોઈ વધુ બાંધકામ કરે–કરાવે નહિ અને તકરારી મિલકતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખે.

(૩) આ અ રજીનો ખર્ચ આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૪થી માહે ફેબ્રુઆરી સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪–૦૨–૨૦૧૯
સ્થળઃ જંબુસર

સુનીલ કુમાર શર્મા
બીજા વધારાના સીવીલ જજ અને
જયુ. મેજી. ફ.ક., જંબુસર.
કોડ નં. જીજે ૦૧૩૪૯